# સુવેન્દુ અધિકારી બંગાળના પ્રથમ ભાજપી મુખ્યમંત્રી બનશે

## તમિલનાડુમાં વિજયની શપથવિધિ અંગે અચોક્કસતા



**૧૧૬** ધારાસભ્યોના ટેકાની યાદી સાથે વિજય ફરી રાજભવન પહોંચ્યા, જો કે હજી બે ધારાસભ્યો ખૂટે છે

**ટેકા અંગે** વીસીકે અવઢવમાં, IUMLએ ટેકાની ના પાડીને કહ્યું અમે ડીએમકેની સાથે - વિજયના પક્ષના એક સભ્ય સુપ્રીમમાં ગયા

ચેન્નાઇ, તા. ૮: તમિલનાડુમાં TVK પ્રમુખ વિજયની સરકાર બનવામાં અત્યારે નાટકીય વળાંક આવી ગયો છે. વિજયને શનિવારે સવારે 11 વાગ્યે મુખ્યમંત્રી પદના શપથ લેવાના હતા, પરંતુ અત્યારે બે મહત્વપૂર્ણ પક્ષોના સમર્થન પત્ર ન મળવાને કારણે પેચ ફસાયો છે.

ગઇકાલે રાજ્યપાલે દાવો નકાર્યા બાદ વિજય આજે ફરીથી ૧૧૬ સભ્યોના ટેકાની યાદી સાથે રાજભવન પહોંચ્યા હતા પરંતુ હજી પણ રાજભવને શપથવિધિની તારીખ જાહેર કરી નથી. રાજ્યપાલને સોંપવામાં આવેલી યાદીમાં વિજય પાસે 116 ધારાસભ્યોનું સમર્થન છે, જ્યારે બહુમતી માટે ૧૧૮નો આંકડો જરૂરી છે. VCK પક્ષે ડેપ્યુટી સીએમ પદની માંગણી કરી છે અને જ્યાં સુધી આ માંગ સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી સમર્થન પત્ર આપવાનો ઇનકાર કર્યો છે. તેણે જણાવ્યું છે કે તે શનિવારે તેની સ્થિતિ

...અનુસંધાન પાના 11 પર

**ભાજપના** વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટાયા, આજે શપથવિધિમાં મોદી-અમિત શાહ હાજર રહે તેવી વકી

**તાજેતરના** સમયમાં બિહાર પછી ભાજપના પ્રથમ મુખ્યમંત્રી મેળવનાર બંગાળ બીજું રાજ્ય

કોલકાતા, તા. ૮(PTI): ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના પ્રથમ ભાજપના મુખ્યમંત્રી બનશે. દાયકાઓ સુધી ભગવા રાજકારણ સામેના પ્રતિકાર બાદ રાજ્યના રાજકીય ઈતિહાસમાં આ એક સીમાચિહ્નરૂપ ક્ષણ છે.

નવનિર્વાચિત ભાજપના ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓની બેઠક બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જાહેરાત કરી હતી કે, અધિકારીને સર્વસંમતિથી ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ સાથે જ વિધાનસભા ચૂંટણીમાં બંગાળમાં ભાજપના ભવ્ય વિજય પર સત્તાવાર મહોર મારી દેવામાં આવી છે. ચૂંટણી બાદ તરત જ, અધિકારી રાજભવન ગયા અને નવી સરકાર રચવાનો દાવો રજૂ કરવા માટે રાજ્યપાલ આર. એન. રવિ સાથે મુલાકાત કરી હતી. રાજ્યપાલે તેમને ૯ મે ના રોજ બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી

...અનુસંધાન પાના 11 પર



### કોંગ્રેસમાંથી તૃણમૂલમાં અને છેવટે ભાજપમાં: સુવેન્દુની રાજકીય કારકિર્દી

સુવેન્દુ અધિકારીએ પોતાની રાજકીય કારકિર્દી કોંગ્રેસના વિદ્યાર્થી નેતા તરીકે કરી હતી. પૂર્વ મેદિનીપુરમાં એક શક્તિશાળી રાજકીય પરિવારમાં જન્મેલા સુવેન્દુ અધિકારીએ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કોંગ્રેસ સાથે કરી હતી અને 1995માં કાંથી નગરપાલિકાના કાઉન્સિલર તરીકે ચૂંટાયા હતા. 1998માં મમતા બેનર્જીએ તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી ત્યારપછી અધિકારી પરિવાર તેમની સાથે જોડાયો હતો. તેમના પિતા શિશિર અધિકારી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે અને યુપીએ-2 (UPA-2) સરકાર દરમિયાન ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી તરીકે સેવા આપી હતી. સુવેન્દુ પોતે પણ યુપીએ-1 અને યુપીએ-2 દરમિયાન બે ટર્મ સુધી સાંસદ રહ્યા હતા. તેમનો રાજકીય ઉદય 2007માં નંદીગ્રામમાં જમીન સંપાદન વિરોધી આંદોલન દરમિયાન ઝડપી બન્યો હતો, જ્યાં તેઓ ડાબેરી મોરચાની સરકાર સામેના આંદોલનના મુખ્ય ચહેરાઓ પૈકીના એક તરીકે ઉભરી આવ્યા હતા. આ આંદોલન બંગાળના રાજકારણમાં એક વળાંક સાબિત થયું અને 2011માં ડાબેરીઓના 34 વર્ષના શાસનનો અંત લાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ડિસેમ્બર 2020માં ભાજપમાં જોડાયા તે પહેલાં, સુવેન્દુ અધિકારીને તૃણમૂલ કોંગ્રેસમાં મમતા બેનર્જી પછીના બીજા ક્રમના સૌથી પ્રભાવશાળી નેતા માનવામાં આવતા હતા. જોકે, સંગઠનમાં મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીનો પ્રભાવ સતત વધવાને કારણે પક્ષના નેતૃત્વ સાથેના તેમના સંબંધો વણસ્યા હતા. નવેમ્બર 2020માં, અધિકારીએ મમતા સરકારમાં પરિવહન અને સિંચાઈ

...અનુસંધાન પાના 11 પર

## બ્રિગેડ ગ્રાઉન્ડમાં લાલચોળ ઈતિહાસ વચ્ચે 'કેસરિયો' સૂર્યોદય



**મહેમાનો** માટે ઝાલમુરી અને રસગુલ્લાના સ્ટોલ

**નવી દિલ્હી, તા. 8:** પશ્ચિમ બંગાળની નવી સરકારના શપથ ગ્રહણ સમારોહ પૂર્વે કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ભવ્ય કાર્યક્રમ માટે સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવામાં આવી છે અને મોટા પાયે સ્ટેજ તેમજ બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. કોલકાતાના હૃદય સમાન આ મેદાન પર શનિવારે સાંજે જ્યારે ભાજપ નેતૃત્વ શપથ લેશે, ત્યારે બંગાળના રાજકીય ઈતિહાસમાં એક નવું પ્રકરણ લખાશે.

**ડાબેરીઓનો ગઢ:** ૧૯૫૦થી આ મેદાન આંતરરાષ્ટ્રીય નેતાઓ

...અનુસંધાન પાના 11 પર

### ભવ્ય તૈયારીઓ અને બંગાળી સંસ્કૃતિનો સંગમ

**વોટરપ્રૂફ ડોમ:** ચોમાસાની આગાહીને જોતા મેદાનમાં ૫૦,૦૦૦ લોકો બેસી શકે તેવા વિશાળ વોટરપ્રૂફ ટેન્ટ ઉભા કરવામાં આવ્યા છે. કુલ ૧ લાખથી વધુ સમર્થકો ઉમટી પડવાની શક્યતા છે.

**સાંસ્કૃતિક રંગ:** શપથ ગ્રહણ સમારોહને માત્ર રાજકીય નહીં પણ સાંસ્કૃતિક ઓપ આપવામાં આવ્યો છે. મેદાનને ટેરાકોટા મોટિફ્સ, દક્ષિણેશ્વર મંદિરની શૈલી અને સુંદરવન થીમ આધારિત માળખાથી શણગારવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 11 પર

## હોર્મુઝમાં ઈરાન-અમેરિકાના ગોળીબારની અડફેટે ચડેલું ગુજરાતનું જહાજ ડૂબી ગયું

**દુર્ઘટનામાં** ગુજરાતના વતની કર્મચારીનું મોત, ૧૭ ખલાસીઓને અન્ય જહાજે બચાવી લીધા

**જહાજ** દ્વારકાના સલાયાનું હતું, ઘટના સમયે દુબઇથી યમન જઇ રહ્યું હતું

દુબઇ, પોરબંદર, તા. 8 : ઈરાન અને અમેરિકાના નૌકાદળ વચ્ચે ગત રાત્રે હોર્મુઝ સ્ટ્રેટમાં થયેલા ગોળીબારની અડફેટમાં આવી ગયેલ ગુજરાતનું એક માલવાહક જહાજ ડૂબી ગયું છે. આ જહાજ ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાનું હતું.

આ અકસ્માતમાં જહાજના એન્જિન રૂમમાં કામ કરી રહેલા અલ્તાફ તાલબ કેર નામના ભારતીય કર્મચારીનું મોત નીપજ્યું છે, જ્યારે બાકીના 17 કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા છે. ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી આદમભાઈએ આ જાણકારી આપી હતી. મળતી માહિતી મુજબ માલવાહક જહાજ 'MSV AL ફૈઝ નૂરે સુલેમાની-I' દુબઈથી કાર્ગો લઈને યમનના મુકાલા બંદર જઈ રહ્યું હતું. જહાજ પર એક ગનમેન સહિત કુલ 18 ક્રૂ સવાર હતા.

દુબઈમાં એક 'કમનસીબ' દરિયાઈ દુર્ઘટનામાં એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું હોવાની પુષ્ટિ શુક્રવારે ભારતીય મિશન દ્વારા કરવામાં આવી છે. દુબઈ સ્થિત ભારતીય કોન્સ્યુલેટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ ઘટના અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

જોકે, આ દુર્ઘટના કયા સંજોગોમાં થઈ તે અંગે હજુ સુધી વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. કોન્સ્યુલેટે જણાવ્યું છે કે તેઓ જહાજના માલિકના સંપર્કમાં છે અને આ બાબતે વધુ તપાસ હાથ ધરી રહ્યા છે.

આદમભાઈના જણાવ્યા અનુસાર 7 મેની સવારે લગભગ એક વાગ્યે જહાજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન ઈરાન અને અમેરિકી નેવી વચ્ચે સામસામે ફાયરિંગ શરૂ થઈ ગયું. ક્રોસ ફાયરિંગમાં ગુજરાતનું આ જહાજ પણ ઝપેટમાં આવી ગયું.

ફાયરિંગથી જહાજને ભારે નુકસાન પહોંચ્યું અને તેમાં પાણી ભરાવા લાગ્યું, જેનાથી જહાજ ડૂબવા લાગ્યું. આ દરમિયાન એન્જિન રૂમમાં હાજર અલ્તાફ તાલબ કેર ગંભીર રીતે ઘાયલ થયા અને સ્થળ પર જ તેમનું મોત નીપજ્યું હતું. જહાજ ડૂબ્યા પછી ક્રૂ સભ્યોએ પોતાને બચાવવાનો પ્રયાસ શરૂ કર્યો. તે જ સમયે પસાર થઈ રહેલા અન્ય એક જહાજ MSV પ્રેમ સાગર-I એ મદદ કરી અને 17 ક્રૂ સભ્યોને સુરક્ષિત બહાર કાઢી લીધા. બચાવવામાં આવેલા તમામ ક્રૂ સભ્યો 8 મેની મોડી સાંજે સુરક્ષિત રીતે દુબઈ પોર્ટ પહોંચી ગયા છે. ઘટનાના સમાચાર

...અનુસંધાન પાના 11 પર

## ભારત સાથેની લડાઈમાં પોતે પાકિસ્તાનને ટેકો આપ્યો હોવાની ચીનની છેવટે કબૂલાત

**ચીનની** સરકારી વિમાન નિર્માણ કંપનીના એક ઇજનેરે એક અખબારી ઇન્ટરવ્યુમાં આ ટેકનીકલ મદદની વિગતો આપી

**પાકિસ્તાનને** ટેકાના આક્ષેપો ચીની સરકાર અને લશ્કર અત્યાર સુધી નકારતા આવ્યા છે

બેઈજિંગ, તા. 8(PTI): ચીને પ્રથમ વખત સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેણે ગયા વર્ષે ભારત સાથેના ચાર દિવસીય સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ઓન-સાઈટ ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. અહીંના સત્તાવાર મીડિયા અહેવાલોમાં આ જાણકારી આપવામાં આવી છે. ચીનના સરકારી બ્રોડકાસ્ટર CCTV એ ગુરુવારે એવિએશન ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચાઈના (AVIC)ના ચેંગડુ એરક્રાફ્ટ ડિઝાઈન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એન્જિનિયર ઝાંગ હેંગનો ઈન્ટરવ્યુ પ્રસારિત કર્યો હતો. આ સંસ્થા ચીનના અદ્યતન ફાઈટર જેટ અને માનવરહિત હવાઈ વાહન (ડ્રોન) ડિઝાઈન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે CCTV ને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, ઝાંગે ગયા મે મહિનામાં ચાર દિવસીય યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની વાયુસેના ચીન નિર્મિત J-10CE જેટ વિમાનોનો ઉપયોગ કરે છે, જે AVIC ની પેટાકંપની દ્વારા બનાવવામાં આવે છે. સપોર્ટ બેઝ પર, અમે વારંવાર ફાઈટર જેટ્સના ટેક-ઓફનો ગડગડાટ અને એર-રેડ સાયરનનો સતત અવાજ સાંભળતા હતા. મે મહિનામાં સવાર સુધીમાં તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસ (122 ડિગ્રી ફેરનહીટ) સુધી પહોંચી જતું હતું. તે અમારા માટે માનસિક અને શારીરિક રીતે એક મોટી કસોટી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે તેમની ટીમને જે બાબતે પ્રોત્સાહિત કર્યા તે ઘટનાસ્થળે વધુ સારી કામગીરી કરવાની ઈચ્છા હતી જેથી તેમના સાધનો તેમની સંપૂર્ણ યુદ્ધ ક્ષમતા મુજબ પ્રદર્શન કરી શકે. ઝાંગે કહ્યું કે, તે માત્ર J-10CEની ઓળખ નહોતી; તે દિવસ-રાત સાથે મળીને કામ કરવાથી બનેલા ગાઢ સંબંધોનો પુરાવો પણ હતો. ચીની વિદેશ મંત્રાલય અને સૈન્ય અધિકારીઓએ સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ચીનના સમર્થનના આરોપોને કાં તો ટાળ્યા છે અથવા તો તેને મહત્વ આપ્યું નથી. ભારતના ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર. સિંઘના દાવા પર પણ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી, જેમાં તેમણે અગાઉ જ જણાવી દીધું હતું કે બેઈજિંગે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાનને સક્રિય સૈન્ય સહાય પૂરી પાડી હતી અને આ સંઘર્ષનો ઉપયોગ લાઈવ લેબ તરીકે કર્યો હતો.






## અમેરિકાની એક ફેડરલ કોર્ટે ટ્રમ્પના ૧૦ ટકા ટેરિફને પણ ગેરકાયદે ઠેરવ્યા

**સુપ્રીમ** કોર્ટે ટ્રમ્પના વ્યાપક ટેરિફોને રદ કર્યા બાદ વિશ્વના દેશો પર આ નવા ટેરિફ લાદવામાં આવ્યા હતા

**'કોર્ટ ઓફ** ઇન્ટરનેશનલ ટ્રેડ' એ ૨:૧ના ખંડિત ચુકાદાથી આ ટેરિફ પણ રદ કર્યા, ટ્રમ્પ તંત્ર ઉપલી કોર્ટમાં અપીલ કરે તેવી વકી

વોશિંગ્ટન, તા. 8(PTI): વ્હાઈટ હાઉસ માટે વધુ એક આંચકા સમાન સમાચારમાં, અમેરિકી ફેડરલ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલ 10 ટકા ગ્લોબલ ટેરિફને અમાન્ય અને કાયદેસર રીતે બિનઅધિકૃત ગણાવીને રદ કરી દીધા છે.

ટ્રમ્પ દ્વારા અગાઉ લાદવામાં આવેલી વ્યાપક લેવીને સુપ્રીમ કોર્ટે રદ કર્યા બાદ, 24 ફેબ્રુઆરીથી 150 દિવસ માટે ભારત સહિત તમામ દેશો પર આ નવા ટેરિફ લાદવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે અગાઉ જણાવ્યું હતું કે 'ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ' (IEEPA) ફરજ લાદવાની સત્તા આપતું નથી. ગુરુવારે 'કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ' એ વિભાજિત ચુકાદામાં ઠેરવ્યું હતું કે, ટ્રમ્પ દ્વારા 10 ટકા ટેરિફ લાદવા માટે ટ્રેડ એક્ટ 1974ની જે જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે માત્ર ચુકવણી સંતુલનની કટોકટીના કિસ્સામાં જ અસરકારક હોઈ શકે છે. ન્યાયાધીશ માર્ક એ. બાર્નેટ અને ક્લેર આર. કેલીએ ચુકાદામાં જણાવ્યું હતું કે જો પ્રમુખ પાસે ખાધ ઓળખવા માટે પેટા-ખાતાઓમાંથી પસંદગી કરવાની ક્ષમતા હોય, તો જ્યાં સુધી દરેક પેટા-ખાતું સંતુલિત ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ હંમેશા બેલેન્સ-ઓફ-પેમેન્ટ ખાધ ઓળખવામાં સક્ષમ રહેશે. બે ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે, કાયદાનું આવું વ્યાપક અર્થઘટન ટ્રમ્પને અમર્યાદિત ટેરિફ સત્તા આપશે જે વાસ્તવમાં કોંગ્રેસ(સંસદ)

...અનુસંધાન પાના 11 પર


TORRENT POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૧૧/૦૫/૨૦૨૬, સોમવાર : ચામડીયા (સિટી સેન્ટર), દાળિયા શેરી (બુંદેલાવાડ), સુંદરમ્ (ભાઠેના)
- ૧૨/૦૫/૨૦૨૬, મંગળવાર: ટેલિફોન એક્સચેન્જ (ફાલસાવાડી), સિલ્વર પ્લાઝા નં. - ૨ (રિંગ રોડ), કુબેરનગર (કતારગામ રોડ)
- ૧૩/૦૫/૨૦૨૬, બુધવાર : મેઘ મલ્હાર (સોસ્યો સર્કલ), કડિયા શેરી (સૈયદપુરા)
- ૧૪/૦૫/૨૦૨૬, ગુરૂવાર : કોહીનુર સોસાયટી (વરાછા), કિશન કોમ્પલેક્ષ (વરાછા) જી.એન./૧૪ (વરાછા)
- ૧૫/૦૫/૨૦૨૬, શુક્રવાર : ઉધના મગદલ્લા (રત્નમાળા), મંગલ દીપ (ભટાર રોડ), બદરી (નાનપુરા)
- ૧૬/૦૫/૨૦૨૬, શનિવાર : ડી/૩૫ (ડભોલી)

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ સ્થાપનમાં ELCB/RCCB લગાડવાથી વીજ અકસ્માત નિવારી શકાય.

WhatsApp 8141970070

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912

પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect